| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૮–૦૮–૨૦૧૮ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૮–૦૮–૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | : | ૧૧–૦૮–૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | | | |

सत्य मेव जयते

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

## પેટલાદ ના મહે.એડીશનલ સીનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ– પેટલાદ

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

**સ્પે.સીવીલ સ્યુટ નં. ૧૭/૨૦૧૮**

**આંક:–**

**વાદી:–**

(૧) સ્ટેની પોલ ક્રિશ્ચિયન, ઉ.વ.૩૫, ધંધો–નોકરી

(૨) દિપ્તી સ્ટેની ક્રિશ્ચિયન, ઉ.વ.૩૩, ધંધો–નોકરી
બંન્ને મુળ રહે. મુ.પો. મરીયમપુરા, તાબે રંગાઇપુરા, તા.પેટલાદ, જી.આણંદ
હાલ રહે. ૪/૫૭૪, સેન્ડગેટ રોડ, કલે ફીલ્ડ, બ્રિસ્બેન – ઓસ્ટ્રેલીયા
વાદીઓના કુલમુખત્યાર મુ. રાજેશભાઈ પરમાર, ઉ.વ.આ.૪૬, ધંધો–વેપાર,
રહે. મુ.પો.આણંદ, હે.૧૩, રવિકુંજ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ,
પાધરીયા, તા.જી.આણંદ

**પ્રતિવાદી:–**

(૧) બ્રિજેશ પીટર પરમાર, ઉ.વ.આ.૪૦, ધંધો–વેપાર
રહે: ફ્લેટ નં. બી/૨૦૨, રૂપેલ હાઇટ્સ મેરીયન કોલોની,
મેરી ઈમેક્યુલેટ ગર્લ્સ સ્કુલ પાસે, બોરીવલ્લી વેસ્ટ – ૪૦૦૧૦૩ – મુંબઈ
ઓફિસ નું સરનામુ : કેપર્સ રેસ્ટોરન્ટ, શોપ નં.૨, એક્રોપોલીસ બિલ્ડીંગ,
મેરી ઈમેક્યુલેટ ગર્લ્સ સ્કુલ સામે, બોરવલ્લી વેસ્ટ– ૪૦૦૧૦૩ – મુંબઈ

(૨) પીટર બી. પરમાર, ઉ.વ.આ.૬૫, ધંધો–વેપાર/નિવૃત્ત,

રહે. ફ્લેટ નં. બી/૪૦૩, ચોથો માળ, શેફર્ડ રેસીડેન્સી, મીઠા નગર,
જૂની બી.એમ.સી. બીલ્ડીંગ સામે, ગોરેગાંવ, વેસ્ટ– ૪૦૦૧૦૪ , મુંબઈ , મહારાષ્ટ્રા

**બાબત – દાવો રૂા.૪૫,૯૯,૦૦૦/– ના આંકથી.**

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

વાદી તરફે વિ.વકિલશ્રી એસ.કે.ઈલયાસ
પ્રતિવાદી તરફે વિ.વકિલશ્રી વી.એ.બ્રહ્મભટ્ટ

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

**–:: ચૂકાદો ::–**

**(૧)** આ કામના વાદી તેમના દાવા અરજીમા જણાવેલ કે, વાદીઓ કોર્ટની હકુમતના મોજે ગામ મરીયમપુરા–પેટલાદ ખાતેના વતની છે. તેમજ ઓસ્ટ્રેલીયા રોજગાર અર્થે રોકાયેલા છે. અને નોકરી કરી તેમનુ તથા તેમના કુટુંબનું ભરણ–પોષણ કરે છે. આ કામના પ્રતિવાદીઓ તેઓના કૌટુંબિક સગા થતા હોઈ વાદીને સારી રીતે ઓળખે છે. આ કામના પ્રતિવાદી નં. ૧ નાઓને પોતાની વડોદરા ખાતે હોટલ હતી તે સમય દરમ્યાન વાદીઓ પાસેથી હાથઉછીની રકમ લઈ ગયેલા અને તે વાયદા અનુસાર નીયત સમયમાં પરત કરી દીધેલ. જેથી વાદીઓનો વિશ્વાસ સંપાદન કરેલો, તેમજ વાદીઓ તા.૧૧/૧૨/૨૦૧૬ના રોજ ભારતમાં આવેલા. ત્યારબાદ સામાજીક પ્રસંગે તા. ૨૭/૧૨/૨૦૧૬ ના રોજ કુટુંબ સહિત મળવા આવેલા અને વડોદરા ખાતેની પ્રતિવાદી નં.૧ની હોટલની મુલાકાત પણ કરાવેલ અને પ્રતિવાદી નં.૧ ની ઉજ્જવળ ભવિષ્ય સારૂ હોટલને વડોદરાથી મુંબઈ ખસેડવા તથા ધંધાના વિકાસ સારૂ હાથઉછીના નાણાની જરૂરીયાત હોવાનું જણાવેલ અને તે નાણાં ખુબ જ અલ્પ સમયમાં પરત આપી દેવાનો પાક્કો વિશ્વાસ અને ભરોસો આપેલો અને પ્રતિવાદી નં. ૨ નાઓએ પ્રતિવાદી નં. ૧ ની વાતને સમર્થન આપેલ. આ કામના પ્રતિવાદીઓએ વાદીઓનો અગાઉ નાણાંકીય વિશ્વાસ સંપન્ન કરેલ હોય તેમજ વાદી પાસે નાણાંકીય વ્યવસ્થાઓ હોઈ, વાદીઓએ પ્રતિવાદીઓને ધંધાર્થે નાણાં આપવા સંમતિ આપતા, વાદીઓના વડીલ ત્રિભોવનદાસ બબુભાઈ પટેલીયા, રહે. મસિહ સોસાયટી, સુણાવ રોડ, પેટલાદનાઓ વાદીઓનો નાણાંકીય વહીવટ કરતા આવેલા હોય, અને તેઓને વાદીઓએ સૂચના આપતા પ્રતિવિવાદી નં.૧ નાઓ તેઓના ઘરે જઈ અને જરૂરી હાથઉછીની રકમના ચેકો મેળવેલા તેમજ અમુક ખુંટતી રકમ વાદીઓના બેંક ખાતાકીય ટ્રાન્સફરથી હાથઉછીની આપેલી. સદર રકમ મેળવતા સમયે આ કામના પ્રતિવાદીઓએ વાદીઓને મૌખિક ભરોસો અને વિશ્વાસ

આપેલ કે, સદર રકમ ટુંક સમયમાં પરત ચૂકવી આપીશુ. આમ વાદીઓ પાસેથી આ કામના પ્રતિવિવાદીઓએ ચેક તથા બેંક ટ્રાન્સફર થી રૂ.૪૦,૯૯,૦૦૦/– અંકે રૂપીયા ચાલીસ લાખ નવ્વાણું હજાર પુરા હાથ ઉછીના મેળવતા દરમ્યાન, વાદીઓનો વધુ વિશ્વાસ સંપાદન કરવા સારૂ પ્રતિવાદીનં.૧નાએ વાદીઓને તેમના વેપારની તમામ માહીતી આપવાની/મોકલવાની બાંહેધરી પણ આપેલી અને પ્રતિવાદી નં. ૨ નાઓ કે જે પ્રતિવાદી નં.૧ ના પિતા થાય છે તેઓએ પ્રતિવાદી નં.૧ નાઓ સદરહુ હાથઉછીની રકમ ચૂકવી આપવામાં નિષ્ફળ જાય તો તે રકમ પરત ચૂકવી આપવાની પાક્કી ખાત્રી અને બાંહેધરી આપેલી. આ કામના પ્રતિવાદીઓએ વાદીઓ પાસેથી નાણાં મેળવેલા હોય, જેથી વાદીઓના નામનો ઉપયોગ કરવા સારૂ એક અનરજીસ્ટર્ડ પાવર ઓફ એટર્ની મંગાવેલો અને તે માત્ર તેઓના ચેકો તેઓના નામના હોય તેના ઉપયોગ કરી શકે તે હેતુસર જરૂરી હોવાનું જણાવેલ. પરંતુ, સદરહુ પાવર ઓફ એટર્ની માત્ર બતાવવા પુરતો હોવા છતાં પ્રતિવાદીઓએ પોતાનો બદઈરાદો પુરો પાડવાના હેતુસર વાદીઓએ મોકલેલ અનરજીસ્ટર્ડ માત્ર ઔપચારિકતા પુરતો તૈયાર કરેલ પાવર ઓફ એટર્નીના ડ્રાફ્ટ પર સહી કરી મોકલેલ, તે વાદીઓની ભારતમાં ગેરહાજરી હોવા છતાં ભારત ખાતે આવેલી મુંબઈની કચેરીમાં બીફોર મી કરાવેલ. પ્રતિવાદીઓએ વાદીઓને તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજ ઈ–મેઈલથી લીઝ એગ્રીમેન્ટ મોકલેલ, જે વાદીઓએ જોયેલ નહી. પરંતુ, બાકી જરૂરી રકમ વાદીઓએ પ્રતિવાદીને મોકલી આપેલી અને વાદી તેમના નવરાશના સમયે તેમનુ ઈ–મેઈલ ચેક કરતા હતા તે સમયે પ્રતિવાદીઓએ મોકલેલો તેઓનો પાવર ઓફ એટર્નીની ડ્રાફ્ટનો ઉપયોગ લીઝએગ્રીમેન્ટમાં કરેલો જોતા, વાદી ચોંકી ઉઠેલા અને તે બાબતે પ્રતિવાદીને જાણ કરતા તેઓ આનાકાની કરવા લાગેલા અને વાદીએ સખ્તાઈથી પુછતા પ્રતિવાદીઓએ વાદીના નામના અન્ય દસ્તાવેજો (ભાગીદારી કરાર) પણ ઉભા કરેલા અને ખોટી સહીઓ કરેલાનું કબુલેલુ. જેથી, વાદીએ તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થયેલાનું જણાતા વાદીએ તેઓને તેમની રકમ પરત ચૂકવી આપવા અને કરેલા ખોટા કરારો તાત્કાલીક અસરથી રદ કરવા, તેમજ તેનો કોઈપણ પ્રકારનો ઉપયોગ ન કરવા પણ વાદીએ જણાવેલ, તેમજ પ્રતિવાદીઓને સદર કરારો કે જે વાદીના નામનો ખોટો ઉપયોગ કરેલ છે તે કોઈપણ પ્રકારે ઉપયોગ ન કરવા જણાવેલ હોવા છતાં પ્રતિવાદીઓએ તે ખોટા અને બનાવટી કરારોનો ઉપયોગ કરેલ હોવાનું વાદીનું માનવુ છે અને જો કોઈ ઉપયોગ વાદીની જાણ બહાર કરેલ હોઈ અને તેનાથી કોઈપણ પ્રકારની વાદીની જવાબદારીઓ ઉભી થતી હોય તો તે તમામ

વ્યવહારો નલ એન્ડ વોઈડ જાહેર કરવા વિનંતી કરેલ છે. આમ વાદીએ છેતરાયા હોવાનું તેમજ તેમની સાથે વિશ્વાસઘાત થયેલ હોવાનું જણાતા આ કામના પ્રતિવાદીઓ પાસેથી એકાઉન્ટ સબંધી માહીતી તથા શક્ય તેટલા ઓછા સમયમાં વાદીઓ પાસેથી મેળવેલ રકમ રૂ.૪૦,૯૯,૦૦૦/–અંકે રૂપીયા ચાળીસ લાખ નવ્વાણું હજાર પુરા પરત કરી દેવાની માગણી કરેલી. પરંતુ, પ્રતિવાદીઓ યેનકેન પ્રકારે બ્હાના બતાવી સમય વીતાવતા જતા હોઇ વાદીઓએ નાછૂટકે નાઇલાજે આ કામના પ્રતિવાદીઓને વકીલશ્રી મારફતે નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલેલ, જે આ કામના પ્રતિવાદીઓને મળી ગયેલ હોવા છતાં વાદીઓના કાયદેસરના હાથઉછીના લેણા નાણાં ચૂકવી આપેલ નથી. પરંતુ, પ્રતિવાદી નં. ૧ નાઓએ વાદી કોઈ ફરીયાદ કે કાર્યવાહી ન કરે તે હેતુસર નાણાં ચૂકવવા તૈયાર હોવાની કબુલાત આપતો જવાબ વાદી વિદેશ છે તેમ જાણતા હોવા છતાં વાદીના વડીલશ્રીના નામે–સરનામે કોર્ટની હકુમતના મોજે ગામ પેટલાદ ખાતે તેમના વકીલ મારફતે નકલ મોકલેલ. જેથી આ અંગેની વાદીને તેમના વડીલે જાણ કરેલ અને તે અનુસંધાનના ચેકોની પણ ઝેરોક્ષ વાદીને વિશ્વાસ સંપાદન કરવા માટે મોકલેલ. તેમજ પ્રતિવાદી નં. ૨ નાઓએ કોઈપણ પ્રકારનો વાદીની નોટીસનો જવાબ આપેલ નથી કે તેમના નામના બનાવટી ઉભા કરેલા કરારોના ઉપયોગ અંગે પણ વાદીને કોઈ માહીતી આપેલ નથી તેમજ વાદી પાસેથી મેળવેલ હાથઉછીની રકમ પણ પરત કરેલ નથી. જેથી હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલી છે. આમ, આ કામના પ્રતિવાદીઓએ વાદીઓનો વિશ્વાસ સંપાદન કરી વાદીઓ પાસેથી હાથ ઉછીની રકમ રૂ.૪૦,૯૯,૦૦૦/– અંકે રૂપીયા ચાલીસ લાખ નવ્વાણું હજાર પુરાની માગણી મરીયમપુરા– પેટલાદ ખાતે કરી તથા સદરહુ રકમ ટુંક સમયમાં ચૂકવી દેવાનો પાક્કો વિશ્વાસ અને ભરોસો આપ્યો ત્યારથી તેમજ રકમ ચેક તથા બેંક ટ્રાન્સફરથી મેળવી ત્યારથી, તેમજ વાદીના નામના બનાવટી દસ્તાવેજો ઉભા કર્યા ત્યારથી, તેમજ સદરહુ ખોટા દસ્તાવેજી પુરાવાઓની જાણ માહીતી વાદીઓને મળી ત્યારથી, તેમજ ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓને હિસાબ તથા નાણાં પરત કરવાની માગણી કરી ત્યારથી, તેમજ આ કામના પ્રતિવાદીઓએ વાદીઓને નાણાં પરત કરવાના બદલે પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૧ નાઓએ ઉદ્ધત અને ઉડાઉ જવાબ આપ્યો જ્યારે પ્રતિવાદી નં. ૨ નાઓએ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી ત્યારથી, તેમજ વાદીઓને રૂા. ૪૦,૯૯,૦૦૦/–ચૂકવી ન આપ્યા ત્યારથી કોર્ટની હકુમતના મોજે ગામ પેટલાદ ખાતે દાવો કરવાની જરૂરિયાત ઉત્પન્ન થયેલ છે.

**પ્રતિવાદી નં.૧ અને ૨ નો જવાબ**

(૨) આ કામના પ્રતીવાદી નં.૧ અને ૨ ઓને નોટીસ કરતા પ્રતિવાદીઓ વકીલ મારફતે હાજર થયેલ અને આંક– ૧૧ થી જવાબ રજુ કરેલ જેમા વાદીનો દાવો કાયદાકીય રીતે ટકવા પાત્ર નથી તેવી હકીકત જણાવેલ વધુમા તેઓએ જવાબમા જણાવેલ કે, સદર કામના વાદી પ્રતિવાદી ન. ૧ ની બરોડા મુકામે આવેલી હોટલમાં તેઓને મળેલા અને પ્રતિવાદી ન.૧ એ બરોડાની કન્ટ્રીઝ કનેકશન હોટલમાં મળેલા અને ત્યાં તેઓને હોટલના ધંધામાંની કમાણી અને ઘરાકી જોઈ તેઓને પ્રતિવાદીઓના ધંધામાં ઈન્વેસ્ટ કરવાની ઈચ્છા થયેલી અને પ્રતિવાદીઓને જણાવેલ કે "મુંબઈ જેવી મેટ્રો સીટીમાં જો આપણે ધંધો કરીએ તો તમોને ધંધાનો અનુભવ છે અને અમો તેમાં નાંણા રોકીએ જે આધારે આપણો ધંધો મોટી સીટીમાં સારો ચાલશે જેથી તમો બોમ્બે જેવી સીટીમાં સારી જગ્યા શોધો અને તેમાં જે કાંઈ ઈન્વેસ્ટમેન્ટ કરવાનું થશે તે અમો કરીશું. "જેથી પ્રતિવાદી ન.૧ નાઓએ બરોડાથી મોટી સીટીમાં ધંધો મળતો હોય અને વાદી પ્રતિવાદીઓ સબંધી થતા હોય તેઓના કથન ઉપર વિશ્વાસ રાખી પ્રતિવાદીઓએ બોમ્બે મુકામે હોટલના ધંધા માટે જગ્યા શોધેલી અને તે અંગે પ્રતિવાદીઓએ વાદીઓને સદર ધંધાની જગ્યા અંગે જણાવેલ અને તે જગ્યા જોઈ તેનો વોટસઅપ ઉપર વાદીઓને ફોટા પણ મોકલેલા અને તેના માલીક સાથે પ્રતિવાદીઓએ વાતચીત કરેલી અને લીવ એન્ડ લાયસન્સનું એગ્રીમેન્ટ કરવા માટે વાતચીત પણ કરેલી ત્યારબાદ સદર કામના વાદી સાથે ધંધો ચાલુ કરવાનો હોય તે અંગેની જરૂરી જગ્યા પ્રતિવાદીઓએ શોધેલી હોય તે અંગે જરૂરી પાર્ટનરશીપ ડીડ બનાવવું જરુરી હોય અને બીજા લીગલ ડોકયુમેન્ટ બનાવવા જરુરી હોય પ્રતિવાદીઓએ આ કામના વાદી સાથે તે અંગે વાતચીત કરેલ અને તે મુજબ તેઓએ સંમતી આપતા તેઓને પાવર ઓફ એટર્ની પ્રતિવાદીઓને આપવા જણાવેલ જેથી તેઓના કહેવા મુજબ સદર મીલકત લીવ એન્ડ લાયસન્સી રાખવા માટે અને જરૂરી કાગળોમાં તેઓ વતી જયાં જયાં જરુર પડે ત્યાં તેઓ વતી પ્રતિવાદીઓ હાજર રહી શકે તે માટે પાવર ઓફ એટર્ની તૈયાર કરી સદર કામના વાદીને મોકલી આપેલી અને તેઓએ ત્યાંના નોટરી કાઉન્સીલ રુબરુ સહીઓ કરી પ્રતિવાદીઓને પરત મોકલી આપેલા જે પુરાવા પ્રતિવાદીઓએ નોટરાઈઝ તા.૧૧–૪–૧૭ ના રોજ કરાવેલ ત્યારબાદ તે આધારે પ્રતિવાદીઓએ પાર્ટનરશીપ ડીડ તૈયાર કરેલ અને પાર્ટનરશીપ ડીડ વાદીઓને મોકલી આપેલ જે પણ તેઓએ સહીઓ કરી પ્રતિવાદીઓને પરત મોકલી આપતા

પ્રતિવાદીઓએ તા.૨૫-૪-૨૦૧૭ ના રોજ નોંધણી પણ કરાવેલ ત્યારબાદ તા.૦૨-૦૫-૨૦૧૭ ના રોજ પ્રતિવાદીઓએ વહોરા એસોશીએટનાઓ સાથે લીવ એન્ડ લાયસન્સનો કરાર ૫૩૭૬/૨૦૧૭ થી સબ રજીસ્ટ્રાર બોરીવલ્લી મુકામે નોંધાયેલ અને તે મુજબ પ્રતિવાદીઓએ કેપસ હોટલ્સ બોરીવલ્લી વેસ્ટ, એક્રોપોલીસ બીલ્ડીંગ શોપ-૨ માં હોટલ ચાલુ કરેલી અને તે અંગેનું જરુરી રોકાણ ફર્નીચર, ફર્નીસીંગ તથા હોટલને લગતી કીચન, તથા હોટલને લગતી વ્યવસ્થા શરુ કરેલ પરંતુ શરુઆતમાં બે ત્રણ માસમાં હોટલનો પ્રચાર થયેલ ના હોવાથી શરુઆતના તબકકે જોઈએ તેટલો હોટલનો ધંધો આવક નહી થવાથી સદર કામના વાદીએ તેઓએ જણાવેલ કે અહીંયા ધંધામાં કોઈ જ બરકત નથી અને આતો ભાડુ તથા બીજા ખર્ચમાં જ આપણને ઘણી મોટી લોસ જશે જેથી તેઓએ ભાગીદારીમાંથી નિકળી જવાનુ પ્રતિવાદીઓને જણાવેલ અને વાદીએ કરેલ ઈન્વેસ્ટમેન્ટની રકમ પ્રતિવાદીઓને પરત આપવા જણાવેલ જેથી પ્રતિવાદીઓએ વાદીઓને જણાવેલ કે "તમારા જણાવ્યા મુજબ અમોએ ધંધો શરુ કરેલ હોય અને તેને લગતો ઘણો બધો ખર્ચ અમોએ હોટલ ચાલુ કરવા માટે કરેલ હોય જે તાત્કાલીક રીકવર થઈ શકે તેમ ના હોય અને અમારી પાસે તમોને પરત આપવા માટે તાત્કાલીક મુડીનો સગવડ ના હોય જેથી ધંધો ચાલુ રાખવા માટે અમોએ તમોને જણાવેલ પરંતુ તમો માનેલ નહીં અને તમારા વકીલશ્રી મારફ્તે અમોને તમોએ ખોટી અને બીનપાયાદાર હાથઉછીની રકમ આપેલ હોવાની વિગત જણાવી ખોટી નોટિસ મોકલાવેલ તેમછતાં તમો અમારા સગા સબંધી થતા હોય અમોએ તમારી નોટિસનો જવાબ આપેલ અને સત્ય હકિકતોથી તમોને તથા તમારા વકીલશ્રીને વાકેફ કરેલ અને તમોને જણાવેલ કે ઉપરોકત તમારા રોકણની રકમ ટુકડે ટુકડે તમોને પરત આપીશું." પરંતુ તેમાં વાદી સંમત થયેલા નહીં અને હાલનો ખોટી વિગતો ઉપજાવી કાઢી હાલનો નાણા વસુલ મેળવવા માટેનો ખોટો દાવો દાખલ કરેલો છે જે પ્રથમ દર્શનિય રીતે જ રદ થવા પાત્ર છે. સદર કામે વાદીએ જે રકમ પ્રતિવાદી ન. ૧ ને મોકલેલ છે તે ધંધાના વિકાસ માટે ધંધો ચાલુ કરવા માટે અને લીવ એન્ડ લાયસન્સીના કરાર મુજબ મુળ માલીકને જગ્યાની ડીપોઝીટ આપવા માટે વાદીએ મોકલેલ છે જે ડીપોઝીટની રકમ વહોરા એસોશીએટને ચેકથી વાદીએ જાતે મોકલેલ છે તેમજ ત્યારબાદ વાદીની સૂચના અને માર્ગદર્શન મુજબ હોટલના ધંધાને લગતી જરુરી સુવિધા અને સામગ્રી માટે પ્રતિવાદીઓએ વાદીના મોકલેલ નાણાનું આયોજન કરીને વાદીની જાણ સમંતિમાં વાદીના કહેવા મુજબ ખર્ચ કરેલ પરંતુ સદર ધંધામાં ખોટ જવાની બીકે વાદી પ્રતિવાદીઓને સદર ધંધો બંધ કરવાનું જણાવી

તાત્કાલીક તેમના રુપિયા પરત લેવાની માંગણી કરતા પ્રતિવાદીઓએ સદર ધંધામાં રોકેલ નાણા તથા પાઘડીની રકમ તાત્કાલીક પરત મળે તેમ ના હોય તેના માટે વાદીને થોડો સમય રાહ જોઈ ધંધો ચાલુ રાખવા જણાવેલ પરંતુ વાદીએ પ્રતિવાદીઓને ખોટી નોટિસ આપી ખોટો દાવો દાખલ કરેલ છે. ઉપરની તમામ હકિકતો ધ્યાને લઈ વાદીનો દાવો ખર્ચસહ રદ કરવા અરજ ગુજારેલ છે તથા વાદીએ દાવો દાખલ કરી પ્રતિવાદીને ખોટા ખર્ચના ખાડામાં ઉતારેલ હોય જેથી કોમ્પેસેસન કોર્ટના રૂ.૫૦,૦૦૦/– વાદી પ્રતિવાદીઓને ચુકવી આપે તેવો હુકમ કરવા કોર્ટને અરજ ગુજારેલ છે.

(૩) ત્યારબાદ સબબ કામમાં આંક–૧૨થી નીચે મુજબના મુદા ઘઢવામા આવેલ.

**:– મુદા :–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ વાદીનો વિશ્વાસ સંપાદન કરી ચેક તથા બેંક ટ્રાન્સફરથી રૂ.૪૦,૯૯,૦૦૦–૦૦ (અંકે રુપીયા ચાલીસ લાખ નવ્વાણું હજાર પુરા) હાથઉછીના મેળવેલા છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ નાણાં મેળવેલ હોય તેમના નામનો ઉપયોગ કરવા સારુ એક અનરજીસ્ટર્ડ પાવર ઓફ એર્ટની મંગાવેલ અને તે માત્ર બતાવવા પુરતો હોવા છતા તેનો ખોટો ઉપયોગ કરી લીઝ એગ્રીમેન્ટ તથા અન્ય કરારો વાદીની જાણ બહાર કરેલ હોવાનું જાણ થતા નાણાં પરત માંગણી કરતા ચુકવી આપેલ નથી ?

(૩) શું વાદીના દાવાને હકુમતનો બાધ નડે છે ?

(૪) શું વાદી પ્રતિવાદીઓ પાસેથી માંગ્યા મુજબની રકમો વસુલ મેળવવા હકકદાર છે ?

(૫) શું વાદી માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામું ?

(૪) ઉપરોકત મુદૃા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: ૧ ::** હકારમાં,

**:: ૨ ::** હકારમાં,

**:: ૩ ::** નકારમા

**:: ૪ ::** હકારમાં

:: ૫ :: આખરી હુકમ મુજબ

:: ૬ :: આખરી હુકમ મુજબ

(૫) સદરહુ મુદ્દાઓ સાબિત કરવા વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ.

**(૫.૧) વાદીના મૌખિક પુરાવાઓ**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૫ | વાદી સ્ટેની પોલ ક્રિશ્ચિયન તથા દિપ્તી સ્ટેની ક્રિશ્ચિયનના કુલમુખત્યાર રાજેશભાઈ પરમારનાઓનું સરતપાસનું સોગંદનામુ તથા ઉલટ તપાસ |

**(૫.૨) વાદીના દસ્તાવેજી પુરાવાઓ**

| અનુ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૦ | વાદીઓના કુલમુખત્યારનામાની નકલ |
| ૨ | ૪૧ | વાદી નં.૧ ની પાસપોર્ટની નકલ |
| ૩ | ૪૨ | વાદી નં.૨ ની પાસપોર્ટની નકલ |
| ૪ | ૪૩ | વાદીઓના કુલમુખત્યાર ની આધારકાર્ડની નકલ |
| ૫ | ૪૪ | આઈ.સી.આઈ.સી. આઈ બેંકના ટ્રાન્સફર કન્ફરમેશન લેટરની નકલો |
| ૬ | ૪૫ | વાદીઓના યુનીયન બેંક પેટલાદ શાખાના ખાતા નં.347002010075354 ની નકલ |
| ૭ | ૪૬ | વાદીઓ ધ્વારા આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ ને આર.પી. એ.ડી. થી વકીલ મારફતે મોકલવામાં આવેલ નોટીસની ઓફીસ કોપીની નકલ |
| ૮ | ૪૭ | આ કામના પ્રતિવાદી નં.૧ ને આર.પી. એ.ડી. થી મોકલવામાં આવેલ નોટીસની પોસ્ટ ઓફીસ ધ્વારા આપવામાં આવેલ પાવતીની નકલ |
| ૯ | ૪૮ | આ કામના પ્રતિવાદી નં.૨ ને આર.પી. એ.ડી. થી મોકલવામાં આવેલ |

| | | |
|---|---|---|
| | | નોટીસની પોસ્ટ ઓફીસ ધ્વારા આપવામાં આવેલ પાવતીની નકલ |
| ૧૦ | ૪૯ | આ કામના પ્રતિવાદી નં.૧ના રહેઠાણના સરનામે બજ્યાની પોસ્ટ ખાતાની એકનોલેઝમેન્ટની નકલ |
| ૧૧ | ૫૦ | આ કામના પ્રતિવાદી નં.૧ના રહેઠાણના સરનામે બજ્યાની પોસ્ટખાતાની એકનોલેઝમેન્ટની નકલ |
| ૧૨ | ૫૧ ત્રિ | આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ વાદીઓને તેમના વડીલ ત્રિભોવનદાસ પટેલના સરનામે મોકલેલ નોટીસના જવાબની નકલ |

**(૫.૩) પ્રતીવાદીના મૌખિક પુરાવાઓ**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫૯ | પ્રતિવાદી બ્રિજેશ પીટર પરમારનાઓનુ સરતપાસનુ સોગંદનામુ તથા ઉલટ તપાસ. |

**(૫.૪) પ્રતીવાદીના દસ્તાવેજી પુરાવાઓ**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૬૪ | પ્રતિવાદી બ્રિજેશ પીટર પરમારની બેંક ઓફ ઇન્ડિયાના ખાતાની પાસબુકની અસલ |
| ૨ | ૬૫ | પ્રતિવાદી બ્રિજેશ પીટર પરમારની બેંક ઓફ ઇન્ડિયાના ખાતાની પાસબુકની અસલ |

**વાદી પક્ષે દલીલ:–**

(૬) સદર કામમાં આંક–૭૧થી વાદીએ લેખિત દલીલો રજુ કરેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વધુમાં જણાવવામાં આવે છે કે, વાદી ઓનુ મૂળ વતન મરીયમ પુરા, પેટલાદ ખાતે આવેલુ છે છેલ્લા ૧૨–૧૩ વર્ષ ઉપરાંતના સમયથી ઓસ્ટ્રેલીયા ખાતે રહેતા આવેલા છે, આ કામના પ્રતિવાદીઓ વાદીના કૌટુબિંક સગા થાય છે. વાદી પ્રતિવાદી પાસેથી અગાઉ હાથઉછીની રકમ લઇ ગયેલા અને નિયત સમયમાં પરત કરી દીધેલ હતી જેથી વાદીઓને પ્રતિવાદી ઉપર વિશ્વાસ સંપાદન થયેલો. પ્રતિવાદી નં.૧ વડોદરા ખાતેની

હોટલ મુબંઇ ખસેડવા માંગતા હોઇ તેમજ હોટલના વિકાસ માટે નાણાંની જરૂરિયાત હોઇ પ્રતિવાદી નં.૧નાઓએ વાદીઓ પાસેથી રૂ.૪૦,૯૯,૦૦૦/– અંકે રૂપિયા ચાલીસ લાખ નવ્વાણું હજાર હાથઉછીના લીધેલ. પ્રતિવાદી નં.૨ કે જેઓ પ્રતિવાદી નં.૧ના પિતા થાય છે. પ્રતિવાદીનં.૧નાઓ સદર હાથઉછીની રકમ ચુકવી આપવામાં નિષ્ફળ જાય તો પ્રતિવાદી નં.૨નાઓએ તે રકમ ચુકવી આપવાની બાંહેધરી લીધેલી. આ કામના પ્રતિવાદીઓએ વાદીઓ પાસેથી નાણાં મેળવેલ હોય વાદીઓના નામનો ઉપયોગ કરવા એક અનરજિસ્ટર્ડ પાવર ઓફ એર્ટની મંગાવેલ અને માત્ર વાદીઓના ચેકો તેઓના નામના હોય તેનો ઉપયોગ કરી શકે તે હેતુસર જરૂરી હોવાનું જણાવેલ. પરંતુ સદરહું પાવર ઓફ એર્ટની માત્ર બતાવવા પુરતો હોવા છતાં પ્રતિવાદીઓએ પોતાનો બદઈરાદો પુરો પાડવાના હેતુસર વાદીઓએ મોકલેલ અનરજિસ્ટર્ડ અને ઓપચારીકતા પુરતો તૈયાર કરેલ પાવર ઓફ એર્ટનીના ડ્રાફટ પર સહી કરી મોકલેલ. જે હકીકત વાદીની ઉલટતપાસમાં બહાર આવેલ. વાદીઓ ભારતમાં ગેરહાજર હોવા છતાં ભારત ખાતે આવેલ મુંબઈની કચેરીમાં બીફોરમી કરાવેલ. પ્રતિવાદીઓએ વાદીઓને તારીખ ૦૬/૦૭/૨૦૧૭ ના રોજ ઈ–મેઈલથી લીઝ એગ્રીમેન્ટ મોકલેલ, જે વાદીઓએ જોયેલ નહીં, પરંતુ બાકીની જરૂરી રકમ વાદીઓએ પ્રતિવાદીને મોકલી આપેલ અને નવરાશના સમયે વાદીઓએ ઈ–મેલ ચેક કરતાં પ્રતિવાદીઓએ મોકલેલ વાદીનો પાવર ઓફ એર્ટનીનો ડ્રાફટનો ઉપયોગ લીઝ એગ્રીમેન્ટમાં કરેલ જોતા વાદી ચોંકી ઉઠેલ અને તે બાબતે પ્રતિવાદીને જાણ કરતાં પ્રતિવાદી આનાકાની કરવા લાગેલ અને વાદીએ સખતાઈ પુછતાં પ્રતિવાદીઓએ વાદીના નામના અન્ય દસ્તાવેજો પણ ઊભા કરેલા અને ખોટી સહીઓ કરેલાનુ કબુલેલ, જેથી વાદીઓએ તેઓની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થયેલાનું જાણતાં વાદીઓની રકમ પરત ચુકવી આપવા અને કરેલ ખોટા કરારો તાત્કાલીક અસરથી રદ કરવા અને તેનો કોઈ પણ ઉપયોગ ન કરવા પ્રતિવાદીઓને જણાવેલ. આમ પ્રતિવાદીઓએ વાદીઓને છેતરીયા હોવાનું તેમજ વાદીઓ સાથે વિશ્વાસઘાત થયેલ હોવાનું જણાતાં પ્રતિવાદીઓ પાસેથી એકાઉન્ટ સંબંધીત માહીતી તથા વાદીઓ પાસેથી મેળવેલ રૂા.૪૦,૯૯,૦૦૦/– અંકે રૂપિયા ચાલીસ લાખ નવ્વાણું હજાર પુરા પરત કરી દેવાની માંગણી કરેલ. તેમ છતાં પ્રતિવાદીઓએ હાથ ઉછીની રકમ વાદીઓને ચુકવી આપેલ નહીં. જેથી વાદીઓને સદર દાવો કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે આમ, વાદીનો દાવો મંજુર કરવા દલીલ કરેલ છે.

**<u>પ્રતિવાદી પક્ષે દલીલ</u>:–**

(૭) સદર કામમાં આંક–૭૨થી વાદીએ લેખિત દલીલો રજુ કરેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી, વધુમાં જણાવવામાં આવે છે કે, પ્રતિવાદી મુંબઈ મુકામે રહી વેચાણ ધંધો કરતા આવેલા છે. સદર કામના વાદી તેમના સગા થાય છે. વાદી અને પ્રતિવાદીઓ બોમ્બે જેવા મોટા શહેરમાં હોટલનો ધંધો સાથે કરવા માટે તૈયાર થયેલા. વાદી ઓસ્ટ્રેલીયા મુકામે રહેતા હોવાથી વાદીએ પાવર ઓફ એટર્ની ઓસ્ટ્રેલીયામાં નોટરી રુબરુ જઈ જાતે સહી કરી પ્રતિવાદીને મોકલેલ છે જે આધારે પ્રતિવાદીએ લીવ એન્ડ લાયસન્સનો કરાર કરેલ અને પાર્ટનર શીપ ડીડ કરેલ છે. પ્રતિવાદી વાદીએ રજુ કરેલ પાવર ઓફ એટર્નીમાં પોતાની સહી હોવાનુ સ્વીકારેલ છે.વાદીએ હોટલના ટ્રાન્જેક્શન માટે વ્હોરા એસોસીયેટના નામનો એક ચેક પણ મોકલાવેલ હોવાનુ પ્રાયમા ફેસી જણાઈ આવેલ છે. ત્યારબાદ વાદીએ પ્રતિવાદીના મુંબઈના ખાતામાં નાણાં જમા કરાવેલ છે તેમજ વાદીએ જે જે ચેકથી નાણાં જમા કરાવેલ છે તે તમામ નાણાં વાદીના મુંબઈ ખાતેથી બેન્કમાં જમા કરાવેલ છે તથા ઓસ્ટ્રેલિયાથી જે નાણાં મોકલેલ છે તે પણ પ્રતિવાદીની મુંબઈ ખાતેની બેન્કના ખાતામાં જમા કરાવેલ છે જેનો પ્રતિવાદીએ હોટલમાં જણાવ્યા પ્રમાણેનો ખર્ચ કરેલ છે પરંતુ હોટલમાં લોસ જશે તેમ લાગેલ હોઈ વાદીએ પ્રતિવાદી સાથે ભાગીદારીમાં રહેવાનો ઈન્કાર કરેલ પરંતુ તે માટે ભાગીદારી ડીઝોલ કરવા માટેની તે અંગેની કોઈ લેખિત નોટિસ આપેલ નથી કે સદર કામે વાદી ઔપચારીક પૂરતો પાવરનો દુર ઉપયોગ કર્યો હોય તેવુ કહેતા હોઈ તો તે અંગે તેમણે પાવર ખોટો છે તેવી કોઈ ફરીયાદ કરેલ નથી કે પાવર આધારે કોઈ કે કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહી તેવી જાહેરાત આપેલ નથી કે પાવર રદ કરવાની નોટિસ આપેલ નથી આમ વાદીની દાવા અરજ તથા દાવો જોતા મુદા નં. ૨ સાબિત કરવામાં વાદી સદંતર નિષ્ફળ ગયેલ છે. ઉપરની તમામ હકીકતો ધ્યાને લઈ આ કામના વાદીનો દાવો ખર્ચસહ રદ કરવા દલીલ કરેલ છે.

**–: કારણો:–**

(૮) **<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

મુદ્દા નં.૧ સાબિત કરવાનો બોજો વાદીને શિરે હોય તેની ચર્ચા નીચે મુજબ કરવામા આવે છે.

આ કામના વાદીએ દાવો કરતા પહેલા પ્રતિવાદીઓને આંક–૪૬થી નોટીસ આપેલ અને નોટીસમાં પણ જણાવેલ કે,પ્રતિવાદી નં.૧ તેમના સગા થતા હોય તેમને મુંબઈ ખાતે

વેપાર કરવાનો હોઇ રકમની જરૂરત હોઇ રકમ પરત આપી દેવાનો પાકો વિશ્વાસ ભરોસો આપતા વાદીઓએ પ્રતિવાદીઓને અલગ અલગ તારીખે કુલ રૂપિયા ૪૦,૯૯,૦૦૦/− હાથ ઉછીના આપેલા. આમ, હાલના વાદીઓએ આ જ હકીકત તેમના દાવા અરજીમાં જણાવેલ જેમાં પણ તેઓએ જણાવેલ કે, પ્રતિવાદીને હોટલ વડોદરાથી મુબંઇ ખસેડવા તથા ધંધાના વિકાસ માટે હાથ ઉછીના નાણાંની જરૂર હોઇ પ્રતિવાદીઓએ વાદીઓ પાસે હાથ ઉછીના નાણાં માંગતા વાદીઓએ રકમ રૂપિયા ૪૦,૯૯,૦૦૦/−હાથ ઉછીના અલગ અલગ તારીખે અલગ અલગ ચેક દ્વારા આપેલા. વધુમાં વાદીએ તે હકિકત સાબિત કરવા આંક−૩૫થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ જેમાં તેઓએ જણાવેલ કે,વાદીઓએ પ્રતિવાદીઓને આપેલ રકમ નીચે મુજબ છે.(૧) યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, પેટલાદ શાખાના તા.૨૮/૦૩/૨૦૧૭ ના રોજના ચેક નં.૫૧૦૧૭૦૫૫ કન્ટ્રીકનેક્શનના નામનો ચેક રૂા.૫,૦૦,૦૦૦/−(૨) યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, પેટલાદ શાખાના તા. ૦૩/૦૪/૨૦૧૭ના રોજના ચેક નં.૫૧૦૧૭૦૫૬ બ્રિજેશ પરમારના નામનો ચેક રૂા.૨,૦૦,૦૦૦/− (૩) યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, પેટલાદ શાખાના તા. ૦૪/૦૪/૨૦૧૭ના રોજના ચેકનં.૫૧૦૧૭૦૫૪ બ્રિજેશ પરમારના નામનો ચેક રૂા. ૫,૦૦,૦૦૦/− (૪) યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, પેટલાદ શાખાના તા. ૦૪/૦૪/૨૦૧૭ના રોજના ચેક નં. ૫૧૦૧૭૦૫૩ વોરા એસોસીએટસના નામનો ચેક રૂા. ૮,૦૦,૦૦૦/− (૫) આર.ટી.જી.એસ.થી બ્રિજેશ પરમાર તા. ૨૬/૦૪/૨૦૧૭ના રોજ રૂા.૭,00,000/− ટ્રાન્સફર કર્યા. (૬) તા. ૦૩/૦૫/૨૦૧૭ના રોજ ઓસ્ટ્રેલીયા ખાતેથી રૂા.૬,૯૯,૦૦૦/− બ્રિજેશ પરમારના બેંક ઓફ ઈન્ડીયા, ટર્નર રોડ, બાંદ્રા શાખા ખાતા નં.૦૦૬૩૧૦૧૦૦૦૨૩૬૭૮માં ટ્રાન્સફર કર્યા. (૭) તા.૩૦/૦૫/૨૦૧૭ના રોજ ઓસ્ટ્રેલીયા ખાતેથી રૂા.૪,૫૦,૦૦૦/−બ્રિજેશ પરમારના બેંક ઓફ ઈન્ડીયા, ટર્નર રોડ, બાંદ્રા શાખા ખાતાનં. ૦૦૬૩૧૦૧૦૦૦૨૩૬૭૮માં ટ્રાન્સફર કર્યા. (૮) તા. ૧૪/૦૬/૨૦૧૭ ના રોજ ઓસ્ટ્રેલીયા ખાતેથી રૂા.૧,૦૦,૦૦૦/− બ્રિજેશ પરમારના બેંક ઓફ ઈન્ડીયા, ટર્નર રોડ, બાંદ્રા શાખા ખાતા નં.૦૦૬૩૧૦૧૦૦૦૨૩૬૭૮ માં ટ્રાન્સફર કર્યા. (૯) તા.૧૧/૦૭/૨૦૧૭ના રોજ ઓસ્ટ્રેલીયા ખાતેથી રૂા. ૧,૫૦,૦૦૦/−બ્રિજેશ પરમારના બેંક ઓફ ઈન્ડીયા, ટર્નર રોડ, બાંદ્રા શાખા ખાતા નં. ૦૦૬૩૧૦૧૦૦૦૨૩૬૭૮માં ટ્રાન્સફર કર્યા. ઉપરોક્ત તમામ રકમ પ્રતિવાદીઓએ તેમના પક્ષે રજુ કરેલ બેંક ઓફ ઈન્ડીયાના બેંક સ્ટેટમેન્ટમાં ઉલ્લેખ કરેલ છે જે હકીકત

અંગે પ્રતિવાદીઓએ આજદીન સુધી કોઈ તકરાર ઉઠાવેલ નથી."

આમ,ઉપરોક્ત હકીકત સાબિત કરવા વાદીએ દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ છે જેમાં ઉપરોક્ત જણાવેલ રકમ તેમના પાસબુકની એન્ટ્રીઓથી સાબિત થાય છે. જ્યારે આ કામમાં પ્રતિવાદીઓએ વાદીની નોટીસનો જવાબ આપેલ જેમાં સદરહુ રકમ રૂ.૪૦,૯૯,૦૦૦/– તેમને મળેલ છે તે હકીકત સ્વીકાર કરેલ તેમજ સદરહુ રકમ પ્રતિવાદી વાદીને આપવા માટે રાજી છે તેમજ ચેકની ઝેરોક્ષ તેમના નોટીસના જવાબ સાથે મોકલાવેલ. પરંતુ તેઓએ તેમના જવાબમાં જણાવેલ કે, વાદીઓએ સદરહુ રકમ હાથ ઉછીની નહી પરંતુ ધંધા માટે આપેલી. આ કામમાં વાદીએ પ્રથમથી જ જણાવેલ કે, રૂ.૪૦,૯૦,૦૦૦/–તે પ્રતિવાદીને હાથ ઉછીના આપેલા અને તે જ હકીકત તેમણે તેમના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સાબિત કરેલ છે. જ્યારે પ્રતિવાદીઓએ તેમના નોટીસના જવાબમાં તથા દાવા અરજીના જવાબમાં જણાવેલ કે, વાદીઓએ સદરહુ રકમ ધંધા માટે એટલે કે હોટલ બીઝનેસ માટે આપેલી. પરંતુ તે હકીકત મૌખિક કે કોઇ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. વધુમા જ્યારે પ્રતિવાદીઓએ સદરહુ રકમ તેમને મળેલ છે તેનો સ્વીકાર કરેલ તેમજ સદરહુ રકમ પરત આપવા તેઓ રાજી હતા. સદરહુ હકીકત તેઓએ તેમના જવાબમાં જણાવેલ તેમજ તે જ હકીકત તેમણે તેમના દાવા અરજીમાં જણાવેલ. આમ, જ્યારે પ્રતિવાદીઓએ સદરહુ રકમ મેળવેલ હોવાનો તથા પરત આપવાનો એડમિશન કરતો હોય ત્યારે તથા વાદીએ સદરહુ મુદ્દો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોવાનુ સાબિત કરેલ હોય ત્યારે **મુદ્દા નં.૧ હકારમાં ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા :–</u>**

આ કામના વાદીઓએ દાવો દાખલ કરતા પહેલા તેમના નોટીસમાં જણાવેલ કે પ્રતિવાદી તેમના એફીડેવીટનો દુર ઉપયોગ કરી રહ્યા હોય તેવુ જાણ થતા વાદીઓએ પ્રતિવાદીઓને આપેલ હાથ ઉછીના નાણાંની રકમ પરત આપવાનુ જણાવેલ જેથી તે બાબતે પ્રતિવાદીઓએ વકીલ મારફતે વાદીની નોટીસનો જવાબ આપેલ. જેમાં તેઓએ જણાવેલ કે, તેઓએ વાદીઓ સાથે પાર્ટનરશીપ ડીડ કરેલ છે તેમજ વાદીઓ વતી લીઝ એગ્રીમેન્ટ કરેલ છે. આમ,સદરહુ જવાબથી તે હકીકત સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદીઓએ વાદીના પાવરનો દુર ઉપયોગ કરેલ છે. પરંતુ આ કામમાં પ્રતિવાદીઓએ સદરહુ દસ્તાવેજો પુરવાર કરેલ નથી. જ્યારે આ કામમાં વાદીઓએ આ જ હકીકત તેમના દાવા અરજીમાં જણાવેલ તેમજ

સોગંદનામામાં પણ જણાવેલ. તથા પ્રતિવાદીને ઉલટતપાસમાં પુછતા પ્રતિવાદીએ કબુલ રાખેલ કે તેઓએ વાદીની સ્પેશ્યલ પાવર ઓફ એટર્ની તૈયાર કરેલ જે તેઓએ આ કામમાં રજુ રાખેલ નથી. વધુમાં તે હકીકત પણ કબુલ રાખેલ કે, તેઓએ સ્પેશ્યલ પાવર ઓફ એટર્નીના આધારે લીઝ એગ્રીમેન્ટ તૈયાર કરેલ. પરંતુ આ કામમાં પ્રતિવાદીઓ સદરહું દસ્તાવેજો સાચા છે તે હકીકત તેમના મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી. જ્યારે વાદીઓએ સદરહુ હકીકત કે પ્રતિવાદીઓ તેમના નામનો એક અનરજીસ્ટર્ડ પાવર ઓફ એટર્નીના આધારે અન્ય ખોટા લીઝ એગ્રીમેન્ટ તથા અન્ય કરારો વાદીની જાણ બહાર કરી રહ્યા છે. જેથી વાદીએ નાણાં પરત માંગેલા. આમ, સદરહુ મુદ્દો પણ વાદીએ તેની તરફેણમાં સાબિત કરેલ હોય **મુદ્દા નં.૨ હકારમાં ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં. ૩ ની ચર્ચા :–</u>**

આ કામના વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલની કોર્ટમાં દાખલ કરેલ છે અને હાલનો દાવો દાખલ કરતા પહેલા વાદીઓએ પ્રતિવાદીઓને નોટીસ આપેલ અને નોટીસમાં પણ તેઓએ પેરા ૪ માં જણાવેલ કે, " અમારા અસીલ વિદેશ રહેતા હોવાથી તથા અમારા અસીલોની નાણાંકીય બાબતો અમારા અસીલોના વડીલ ત્રિભોવનદાસ બાબુભાઈ પટેલીયા, રહે. મસિહ સોસાયટી, સુણાવ રોડ, પેટલાદનાઓ વહીવટ કરતા આવેલા હોય, તમો પ્રતિવાદીનં.૧ નાઓ અમારા અસીલના વડીલ ત્રિભોવનદાસ બાબુભાઈ પટેલીયાના ઘરે પેટલાદ મુકામે ગયેલા. અને તમારી ધંધાકીય અનુકળતા તેમજ ગુડવીલ જળવાઈ રહે તે માટેનું કારણ દર્શાવી કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના ચેકો મેળવેલા અને બાકી રહેતી રકમ બેંક ખાતાકીય ટ્રાન્સફરથી મેળવેલી." આમ, હાલના કામમાં વાદીઓએ દાવો દાખલ કરતા પહેલા સ્પષ્ટપણે જણાવેલ કે આ કામમા પ્રતિવાદીઓને જે ચેક તેમજ રકમ ચુકવવામાં આવેલ તે પેટલાદ ખાતેથી ચુકવવામાં આવેલ. વધુમાં આ કામમાં પ્રતિવાદીઓએ જે નોટિસનો જવાબ આપેલ તે નોટીસ પણ ત્રિભુવનદાસ બાબુભાઇ પટેલીયા રહે. પેટલાદ વાળાને આપેલી. જેથી વાદીની નોટીસમાં જેમા તેઓએ પ્રતિવાદીઓએ સદરહુ ત્રિભુવનદાસ બાબુભાઇ પટેલીયાકે જે પેટલાદ મુકામે રહે છે તેના ઘરેથી ચેક લઇ ગયેલ હોવાની હકીકત જણાવે છે તે હકીકત પુરવાર થાય છે. વધુમાં આ કામમાં વાદીઓએ યુનીયન પેટલાદ શાખાની પાસબુક રજુ કરેલ છે જેમાં સદરહું ચેકથી તેઓએ પ્રતિવાદીઓને ચુકવણી કરેલ તે હકીકત પુરવાર થાય છે તેમજ સદરહુ રકમ

પ્રતિવાદીઓને મળેલી છે તે હકિકત તેઓએ તેમની નોટીસના જવાબમાં જણાવેલ તથા તેમના દાવા અરજીના જવાબમાં જણાવેલ છે. આમ, સદરહુ દાવો ચલાવવાની સત્તા હાલની કોર્ટને છે તે હકીકત પુરવાર થયેલ છે. જેથી વાદીના દાવાને હકુમતનો બાધ નડતો ન હોઈ **મુદ્દા નં.૩ નકારાત્મક ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં. ૪ની ચર્ચા :–</u>**

આ કામમાં વાદીઓએ તેમના દાવા અરજીમાં જણાવેલ કે, આ કામનો પ્રતિવાદીઓએ તેમના સગા થતા હોઈ તેમજ તેઓ તેમને મળેલ હોઈ પ્રતિવાદીનં.૧નાઓને પોતાનો ધંધો વિકાસાવવા તેમની હોટલ મુબંઇ મુકામે ખોલવાની હોઈ નાણાંની જરૂર થતા વાદીઓને જણાવેલ અને વાદીઓએ તેમના કથન ઉપર વિશ્વાસ રાખી અલગ અલગ તારીખે અલગ અલગ રકમ ચેક મારફતે તેમજ બેંક મારફતે પ્રતિવાદીઓને ચુકવેલ. પરંતુ વાદીઓને જાણ થયેલ કે, પ્રતિવાદીઓ વાદીઓની અન રજીસ્ટર્ડ પાવર ઓફ એટર્નીનો દુર ઉપયોગ કરી રહ્યા છે જેથી તેઓએ પ્રતિવાદીઓને કુલ ચુકવેલ નાણાં રૂ.૪૦,૯૯,૦૦૦/– પરત માંગેલ. વધુમાં આ બાબતે વાદીઓએ દાવો દાખલ કરતા પહેલા પ્રતિવાદીઓને નોટીસ મોકલેલ જે નોટીસ આંક–૪૬થી રજુ છે અને તે નોટીસમાં પણ આ જ હકીકત જણાવેલ અને પ્રતિવાદીઓને હાથઉછીના નાણાં રૂ.૪૦,૯૯,૦૦૦/– જે આપેલા તે નાણાં પરત માંગતી નોટીસ પ્રતિવાદીઓને આપેલી. આ કામમાં પ્રતિવાદીઓએ વાદીઓની નોટીસનો વળતો જવાબ આપેલ જે આંક–૫૧થી રજુ છે તેમા પણ પ્રતિવાદીઓએ વાદીઓએ અલગ અલગ તારીખે અલગ અલગ રકમ અલગ અલગ ટ્રાન્જેક્શન મારફતે પ્રતિવાદીઓને ચુકવેલ તે હકીકત કબુલ રાખેલ. પરંતુ સદરહુ નાણાં હાથ ઉછીના નહી પરંતુ ધંધા માટે આપેલ તેવી હકીકત જણાવેલ. તેમજ પ્રતિવાદીઓ વાદીએ આપેલા નાણાં પરત આપવા તૈયાર છે તેવી હકીકત તેમના જવાબમાં જણાવેલ તથા તેની સાથે ૨૮ ચેકો અલગ અલગ તારીખના અલગ અલગ રકમની ઝેરોક્ષ પણ મોકલાવેલ. આમ, વાદીઓએ પ્રતિવાદીઓને નાણાં આપેલા તે હકીકત વાદીઓએ સાબિત કરેલ. જ્યારે આ કામમાં પ્રતિવાદીઓએ સદરહુ નાણાં હાથઉછીના નહી પરંતુ ધંધા માટે આપેલ તેવુ જણાવેલ પરંતુ તે હકીકત પ્રતિવાદીઓએ તેમના મૌખિક પુરાવાથી તેમજ તેમના કોઇ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી અને જ્યારે વાદીઓએ તે હકીકત તેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય તેમજ પ્રથમ પ્રતિવાદીઓએ તેના નોટીસના જવાબમાં રકમ પરત આપવા રાજી હોય તેવુ

જણાવેલ. આ કામમાં વાદીઓએ પ્રથમથી જ પોતાના દાવામાં કે જેમાં તેઓએ પ્રતિવાદીઓને રૂ.૪૦,૯૯,૦૦૦/– હાથ ઉછીના આપેલા તે હકીકત જણાવતો દાવો કરેલ છે ત્યારે તેના સમર્થનમાં તેઓએ મૌખિક પુરાવો પણ આપેલ છે જેમાં તેમની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓએ કોઇ લીઝ ડીડ અને હોટલના ફોટોગ્રાફ પ્રતિવાદીઓએ વાદીને મોકલાવેલ હોવાનો ઇન્કાર કરેલ તેમજ વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે મુબંઇ મુકામે જે હોટલ શરૂ કરવામાં આવેલ તેમાં ૩૦% અને ૭૦%ની ભાગીદારી નક્કી કરવામાં આવેલ તે હકીકત પણ વાદીએ ઉલટતપાસમાં નકારેલ. વધુમાં તે હકીકત પ્રતિવાદીઓ તેના મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. વધુમાં જ્યારે પ્રતિવાદીઓ એવુ જણાવતા હોય કે તેઓએ એક વર્ષ સુધી સદરહુ હોટલ ચલાવેલી ત્યારે સદરહુ હોટલના કોઇ દસ્તાવેજી પુરાવા કે ફોટોગ્રાફ આ કામમાં રજુ રાખેલ નથી કે તેના જવાબની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો આ કામમાં રજુ રાખેલ નથી. જેથી વાદીનો પુરાવો અને દાવો તેમજ સોગંદનામુ ન માનવાનુ કોઇ કારણ રહેતુ નથી.

વધુમાં આ કામમાં પ્રતિવાદીઓએ આંક–૫૯થી સોગંદનામુ રજુ કરેલ જેની વાદીના વકીલ દ્વારા વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમા તેઓએ કબુલ રાખેલ કે, આંક–૧૧થી રજુ કરેલ લેખિત જવાબની તમામ હકીકતથી માહિતગાર છુ. તેમજ કબુલ રાખેલ કે, મારા લેખિત જવાબમાં વાદવાળી પુરી રકમ ટુકડે ટુકડે તેમને પરત આપવા સહમત છીએ તેવી હકીકત જણાવેલી છે. આજની તારીખે આ રકમ વાદીને આપવા માટે તૈયાર નથી. આમ હાલના કામમા પ્રતિવાદીઓએ તેમના નોટીસના જવાબમાં વાદીને રકમ ચુકવી આપવાની સહમતી દર્શાવેલ તેમજ તેના જવાબમાં પણ ટુકડે ટુકડે રકમ પરત આપવાની સહમતી દર્શાવેલ જેથી તે હકીકત સ્પષ્ટ થાય છે કે વાદીઓએ પ્રતિવાદીઓને વાદવાળી રકમ રૂ.૪૦,૯૯,૦૦૦/–આપેલી અને તે રકમ પ્રતિવાદીઓને મળેલ જે રકમ આપવા માટે પહેલા તે સહમત હતા. આમ, વાદી પ્રતિવાદી પાસેથી માંગ્યા મુજબની રકમ વસુલ મેળવવા હકદાર છે તે હકીકત વાદીએ તેના તરફેણમાં સાબિત કરેલ હોઇ **મુદ્દા નં૪ હકારાત્મક ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નંપ અને ૬ની ચર્ચા</u>**

આ કામમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદીઓએ પ્રતિવાદીઓને હાથઉછીના નાણાં ૩,૪૦,૯૯,૦૦૦/– ટુકડે ટુકડે આપેલા તે હકીકત તેઓએ મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાથી પુરવાર કરેલ છે તેમજ પ્રતિવાદીઓએ પણ સદરહુ રકમ મળેલ હોવાની હકીકત જણાવેલ તથા ટુકડે ટુકડે રકમ પરત આપવા પ્રથમ સહમતી દર્શાવેલ છે. આ કામમાં વાદીએ સદરહુ રકમ ઉપર ૧૮%ના ચઢતા વ્યાજ સાથે દાદ માંગેલ છે. પરંતુ આ કામમાં વાદીએ તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી કે જેમાં તેઓએ પ્રતિવાદીને હાથ ઉછીના નાણાં ૧૮%ના વ્યાજ ઉપર આપેલ. વધુમાં ૧૮% વ્યાજની હકીકત તેઓએ તેમના આંક-૩૫ વાળા સોગંદનામામાં પણ જણાવેલ નથી. જેથી વાદી પ્રતિવાદીઓએ પાસેથી ઉપરોક્ત રકમ માટે ૧૮% વ્યાજ મેળવવા હકદાર હોય તેવુ માની શકાય નહી. વધુમાં જ્યારે પ્રતિવાદીઓએ તેમના નોટીસના જવાબમાં વાદવાળી રકમ મળેલ હોવાની હકીકત કબુલ રાખેલ અને રકમ પરત ચુકવવાની હકીકત પણ જણાવેલ ત્યારે તે હકીકત સ્પષ્ટ થાય છે કે વાદવાળી રકમનુ ટ્રાન્જેક્શન બંને પક્ષકારો વચ્ચે થયેલ છે. વધુમાં હાલના કામમાં પ્રતિવાદીઓ તે રકમ વાદીઓને ચુકવવા સહમત હતા અને ઉલટતપાસમાં જણાવેલ કે હાલ તે રકમ ચુકવવા તૈયાર નથી તેવી હકીકત જણાવેલ. જેથી હાલની કોર્ટ નીચે મુજબના કાયદા અને કલમ પર આધાર રાખે છે. ઈન્ડીયન એવીડન્સ એક્ટની કલમ-૧૭,૧૮,૨૧,૫૮,૧૧૪, ૧૧૫,

**<u>Section</u>**-17. **<u>Admission defined</u>**.

An admission is a statement, [oral or documentary or contained in electronic form], which suggests any inference as to any fact in issue or relevant fact, and which is made by any of the persons, and under the circumstances, here in after mentioned.

**<u>Section</u>**-18. **<u>Admission by party to proceeding or his agent.</u>**

Statements made by a party to the proceeding, or by an agent to any such party, whom the Court regards, under the circumstaadmissionnces of the case, as expressly or impliedly authorised by him to make them, are admissions

**<u>Section</u>**-21 **<u>Proof of admissions against persons making them, and by or on their behalf.</u>**

Admissions are relevant and may be proved as against the person who makes them, or his representative in interest; but they can not be proved by or on behalf of the person who makes them or by his representative in interest ,except in the following cases.

(1) An admission may be proved by or on behalf of the person making it, when it is of such a nature that, if the person making it were dead, it would be relevant as between third persons under section 32.

(2) An admission may be proved by or on behalf of the person making it, when it consists of a statement of the existence of any state of mind or body, relevant or in issue, made at or about the time when such state of mind or body existed, and is accompanied by conduct rendering its falsehood improbable.

(3) An admission may be proved by or on behalf of the person making it, if it is relevant otherwise than as an admiss

**Section-58 Facts admitted need not be proved.**

No fact need be proved in any proceeding which the parties thereto or their agents agree to admit at the hearing, or which, before the hearing, they agree to admit by any writing under their hands, or which by any rule of pleading in force at the time they are deemed to have admitted by their pleadings:

Provided that the Court may, in its discretion, require the facts admitted to be proved otherwise than by such

admissions.

**Section–114 Court may presume existence of certain facts.**

The Court may presume the existence of any fact which it thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case.

**Section–115 Estoppel.**

When one person has, by his declaration, act or omission, intentionally caused or permitted another person to believe a thing to be true and to act upon such belief, neither he nor his representative shall be allowed, in any suit or proceeding between himself and such person or his representative, to deny the truth of that thing.

**O.VIII.5 Specific denial.**

(1) Every allegation of fact in the plaint, if not denied specifically or by necessary implication, or stated to be not admitted in the pleading of the defendant, shall be taken to be admitted except as against a person under disability:

Provided that the Court may in its discretion require any fact so admitted to be proved otherwise than by such admission:

*[Provided further that every allegation of fact in the plaint, if not denied in the manner provided
under Rule 3A of this Order, shall be taken to be admitted except as against a person under disability.]

(2) Where the defendant has not filed a pleading, it shall be lawful

for the court to pronounce judgment on the basis of the facts contained in the plaint, except as against a person under a disability, but the Court may, in its discretion, require any such fact to be proved.

(3) In exercising its discretion under the proviso to sub-rule (1) or under sub-rule (2), the Court shall have due regard to the fact whether the defendant could have, or has, engaged a pleader.

(4) Whenever a judgment is pronounced under this rule, a decree shall be drawn up in accordance with such judgment and such decree shall bear the date on which the judgment was pronounced.

## 1. Core legal effect of the admission

What the defendant has admitted in the notice reply?

He received the money from plaintiff.

He is liable to return the full amount.

The only dispute he raises is about the nature of the loan (business vs friendly).

That is enough for a money suit because:

Under the Indian Evidence Act, an admission that suggests an inference as to a fact in issue or relevant fact is relevant and can be proved against the maker (Sections 17, 21).

Admissions are the best piece of evidence and, unless successfully explained or withdrawn on valid grounds, can by themselves support a decree.

Courts have held that once the defendant admits receipt of money and that it was a loan, the burden shifts to him to

show it was not a loan or not enforceable.

**Union Bank Of India Vs. M/S.Noor Dairy Fram & Ors.1997(2) ALL MR 606**

(A) Civil P.C. (1908), O.6, R1 – Admission – It is best piece of evidence, unless withdrawn on valid grounds – Absence of particular plea in written statement – No amount of evidence can be of any avail. It is also well settled that an admission is best piece of evidence, unless of course, the admission is withdrawn on some valid ground like admission being made by mistake or due to fraud etc. Where the defendant in his reply to the notice by the plaintiff Bank admitted the plaintiff's allegations that the defendant executed promissory notes and a deed of hypothecation etc., no weight can be given to the argument of the defendant questioning the correctness of the entries in extract of account of the plaintiff–Bank in view of the unqualified and unconditional admission made by the defendant.

આમ,ઉપરોક્ત તમામ કલમ તથા મુદ્દાનું મૂલ્યાંકન તેમજ ચુકાદો ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે જ્યારે કોઇ પક્ષકાર તે હકીકતને સ્વીકુતિ આપતો હોય ત્યારે તે હકીક્તને ન માનવાનુ કોઇ કારણ રહેતુ નથી. જ્યારે હાલના કામમાં પ્રતિવાદીઓએ પ્રથમ તેની નોટીસના જવાબમાં તે હકીકતને સ્વીકુતિ આપેલ કે તેઓ વાદીઓને સદરહુ રકમ ચુકવવા સહમત છે, તેમજ તેઓએ નોટીસના જવાબ સાથે અલગ અલગ તારીખના અલગ અલગ રકમના ચેકની ઝેરોક્ષ પણ વાદીઓને મોકલાવેલ તેમજ તેઓએ તેમના આંક-૧૧ના જવાબમાં પણ તે જ હકીકતનો સ્વીકાર કરેલ જેથી સદરહુ હકીકત ન માનવાનુ કોઇ કારણ રહેતુ નથી. વધુમાં સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૮ રુલ ૫ ની હકીકત પણ ધ્યાને લેતા

હાલના કેસને લાગુ પડે છે કારણકે હાલના કામમાં પ્રતિવાદીઓએ દાવો દાખલ થયેલ તે પહેલા જ વાદવાળી રકમ પરત આપવાની સ્વીકૃતિ દર્શાવેલ. જેથી વાદી વાદવાળી રકમ પ્રતિવાદીઓ પાસેથી મેળવવા હકદાર છે તે હકીકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. પરંતુ તેના ઉપર ૧૮ ટકા વ્યાજ મેળવવા હકદાર છે તે હકીકત પુરવાર કરેલ નથી. જેથી **મુદ્દા નં.૫ અને ૬** અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

(૧) વાદીનો દાવો આથી **અશંત: મંજુર** કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીઓએ વાદીઓને રૂ.૪૦,૯૯,૦૦૦/-ની રકમ ૭%ના વ્યાજ લેખે દાવો દાખલ કરેલ ત્યારથી હુકમ કર્યાના દીન-૬૦માં ચુકવી દેવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વાદીઓ તેમજ પ્રતિવાદીઓએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આજરોજ હુકમ તારીખ ૧૧મી માહે ઓગસ્ટ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

સ્થળ : પેટલાદ
તારીખ: ૧૧/૦૮/૨૦૨૬

**(અરૂણ જ્યોતિષ વાસુ)**
એડી. સીનીયર સીવીલ જજ
પેટલાદ
કોડ નં.જી.જે.૦૧૩૯૭

સ્ટેનો: એમ એ ભરવાડ